## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




નોટબંધીની જેમ કહી જ દેવું જોઈએ... ભાઈઓ બહેનો આજ રાતથી કોરોના બંધ...

# શહેરના ત્રણ મેડીકલ સ્ટોરને દંડ ફટકારાયો

વિશ્વભરમાં કોરોના વાયરસે હાહાકાર મચાવ્યો છે. વિશ્વભરના વિવિધ દેશમાં અંદાજીત પોણા બે લાખ નાગરીકો કોરોનાથી પ્રભાવિત છે અને સાડા છ હજાર જેટલા નાગરીકો મોતના મુખમા ધકેલાઈ ગયા છે. ભારતના વિવિધ રાજયમાં પણ કોરોનાએ ધીમીગતિએ પગ પેસારો કર્યો છે. ત્યારે કોરોના ને લઈ રાજયના નાગરીકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે ભયના માહોલ વચ્ચે પણ વેપારીઓ ગ્રાહકોને છેતરી રહ્યા છે અને વધુ રૂપીયા પડાવી રહ્યા છે. જેને પગલે રાજયના સરકારી તંત્રએ આવા વેપારીઓ સામે લાલ આંખ કરી તેમની સામે દંડનીય કાર્યવાહી શરુ કરી છે. જેમાં ગાંધીનગર શહેરના સેકટર-૧૨ સિવિલ કેમ્પસ ખાતે મેડીકલ સ્ટોર ધરાવતા વેપારીઓ પણ ઝપટે ચડી ગયા હતા. જેમાં ગાંધીનગર મેડીકલ સ્ટોરને રૂ.૮૦૦૦, અર્બુદા મેડીકલને રૂ.૩૦૦૦ અને જયઅંબે મેડીકલને રૂ.૯૦૦૦ નો દંડ વસુલ કરવામાં આવશે. જયારે રાજયમાં ચાલી રહેલી ઝુંબેશને પગલે વડોદરા ખાતે ૧૦ કેસ કરવામાં આવ્યા છે. જેમાં ૬ કેસ ભાવ વધારે લેવાના અને ૪ કેસોમાં ભાવમાં છેકછાક કરવાના છે. જયારે અમરેલીમાં પણ ૪ કેસ ભાવ વધારાના કરવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર સિવિલ કેમ્પસમાં આવેલ ાગંધીનગર મેડીકલ સ્ટોરમાં એમઆરપી માં જુની કિંમત ઉપર નવી વધારે કિંમતનું સ્ટીકર લાગડવામાં આવેલ હતું તેનો કેસ તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. જેમાં રૂ.૮૦૦૦ ની કમ્પાઉન્ડીંગ ફી વસુલ કરવામાં આવશે. જયારે અર્બુદા મેડીકલ સ્ટોર ખાતે સેનેટાઈજરની બોટલમાં ૧૦૦ મિલિની બોટલમાં ૬ મિલિ ઓછુ લીકવીડ હોવાથી કેસ કરેલ છે. જેનો દંડરૂ.૩૦૦૦ વસુલ થશે. જયારે જયઅંબે મેડીકલ સ્ટોર ખાતે ૧૨ મિલિ ઓછુ લીકવીડ મળી આવેલ હોવાથી તેના સામે પણ કેસ કરી રૂ.૯૦૦૦ દંડની રકમ વસુલ કરવામાં આવશે. ત્યારે આગામી સમયમાં પણ તંત્ર દ્વારા ભાવ વધારો તેમજ જુની કિંમત પર નવુ સ્ટીકર લગાડવા પર ઝુંબેશ ચાલી રહી છે. ગાંધીનગર શહેરના મેડીકલ સ્ટોરના ધારકો સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવતા વેપારીઓમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.



રાજયનું પાટનગર હોવા છતાં ગાંધીનગરમાં પાણીના કાયમી સ્ત્રોત માત્ર નામ માત્રના છે. સાબરમતી નદી તો જાણે પાણીની નહી પરંતુ રેતીની નદી હોય તેમ મોટાભાગે સુકી જ રહે છે. ચોમાસાના થોડાક દિવસો તેમાં પાણી જોવા મળે છે. સેકટર-૧ ના તળાવમાં કયા ભવે પાણી ભરાશે તે હજુ ખબર નથી. નગરજનો માટે સેકટર-૧ ના તળાવમાં પાણી એ જાણે સ્વપ્નસમાન બની રહ્યું છે. ઉનાળાના પ્રારંભે સેકટર-૧ નું તળાવ જાણે એકમદ સુનું લાગી રહ્યું છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર તાલુકાના તમામ આરોગ્ય અધિકારીઓની આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સાથે બેઠક યોજી સૌને સતર્ક રહેવા તાકિદ કરી હતી.
- આત્માની આજે વાર્ષિક સામાન્ય સભા સે.૧૫ ખાતે મળી હતી.
- કોરોનાના પગલે રાજય માહિતી આયોગે તેની તમામ સુનાવણીઓ ૨૭મી માર્ચ સુધી સ્થગિત કરી દીધી છે.
- રાજય ચૂંટણી પંચે નગરપાલિકાઓની ચૂંટણી માટે ૨૨મી માર્ચે યોજાનાર મતદાન પણ સ્થગિત કરી દીધું છે.
- ગુજરાત ગૌણ સેવા આયોગ દ્વારા અધિક મદદનીશ ઈજનેર (વિદ્યુત) અને અધિક મદદનીશ (સીવીલ) સંવર્ગની પરીક્ષાઓ પણ સ્થગિત કરવામાં આવી છે.
- સામાન્ય વહીવટ વહીવટ વિભાગે ગઈકાલે કોરોના વાઈરસ સંક્રમણને ટાળવા જિલ્લા તંત્રએ પણ ખાસ અગત્યની ફાઈલ ના હોય તો મુકવી નહી તેમજ બેઠકો પણ યોજવી નહિ.

## ટેકાના ભાવે ઘઉં વેચવા માત્ર ૨૫૦ ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યુ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લામાં ઘઉના ઉત્પાદનનું ટેકાના ભાવે વેચાણ કરવા માટે અત્યાર સુધીમાં ૨૫૫ જેટલા જ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

જિલ્લામાં આ વર્ષે રવિ સીઝન સારી રહેતાં ઘઉં સહિતના પાકોનું મબલખ ઉત્પાદન થવાના અંદાજો છે. ૧ વીઘાએ ૫૦ મણ જેટલા ઘઉંનું ઉત્પાદન આ વર્ષે થશે તેવા કરવા અંદાજો છે. જિલ્લામાં ૨૫ હજાર હેકટરથી પણ વધારે વિસ્તારમાં ઘઉંનું વાવેતર થયું હતું.

ઘઉંના પાકનું ઉત્પાદન ટેકાના ભાવે ખરીદવા માટે નાગરિક પુરવઠા નિગમે ૪ કેન્દ્રો મંજૂર કર્યા છે. જેમાં કલોલ, માણસા, ચિલોડા (ગાંધી) અને દહેગામ કેન્દ્રનો સમાવેશ થાય છે. મળતી વિગતો પ્રમાણે ૩૦ મે સુધી સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી કરવામાં આવનાર છે. હાલ આ અંગેનું રજીસ્ટ્રેશન ચાલી રહ્યું છે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે ઘઉંના ટેકાના ભાવ ૧૯૨૫ પ્રતિ કવીન્ટલ નિયત કરવામાં આવેલ છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ઘઉંના ટેકાના ભાવ ભારત સરકાર દ્વારા રૂ. ૮૫નો વધારો કરાયો છે.

## ખુન, બળાત્કાર અને લૂંટ સહિતના ગુનામાં સંડોવાયેલા આઠ આરોપીઓ પોલીસની ગિરફતમાં

ગાંધીનગર, તા.૧૯ ફોટો

ગાંધીનગર તેમજ અમદાવાદના કોઈ બિલ્ડર લોબી સાથે સંકળાયેલા વ્યકિતનું અપહરણ કરવામાં આવે તે પહેલા પગલે પોલીસે ચિલોડા પાસેથી આર.જે.૧૪.વાય.સી.૨૯૧૨ નંબરની કાર સાથે આઠ ઈસમોને પકડી પાડ્યા છે. પોલીસને આ શખ્સો પાસેથી ૩ પીસ્ટલ, ૧૨ કારતુસ, ૩ છરા, ૯ મોબાઈલ, ૬ માસ્ક, ૧૦ મોજા, ૧ બુરખો, મરચાની બે પડીકી, ૫ સેલોટેપ રોલ મળી કુલ ૫.૫૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. એલસીબી-૨ એ આઠ આરોપી સામે ચિલોડા પોલીસ મથકે આર્મ એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આઠેય આરોપીઓ રાજસ્થાનના લોરેન્સ બિશ્નોઈ અને પુણેની પુણેચા ગેંગ સાથે સંકળાયેલા છે. તેઓ ગેંગ સિવાય પણ આ રીતે એકઠા થઈને ગુનાને અંજામ આપતા હતા. મળેલી માહિતી પ્રમાણે આ ગેંગના ટાર્ગેટ પર અમદાવાદ-ગાંધીનગરના એક બિલ્ડર હતા. જેમની ઓફિસથી લઈને ઘરની રેકી તેઓ કરી ચુકયા હતા. તેઓ પોતાના લોકલ સોર્સ મારફતે ટાર્ગેટ નક્કી કરતા હતા. ત્યારબાદ રેકી કરીને નક્કી કરેલા




જ મોટા ચિલોડા પાસેથી ૮ ઈસમોને ગાંધીનગર એલસીબી પોલીસની ટીમે દબોચી લીધા છે. દહેગામ દાસ્તાન સર્કલ પાસે કન્સ્ટ્રકશનની ચાલી રહેલી મોટી સાઈટ ધરાવતા બિલ્ડરની રેકી કરીને તેનું અપહરણ કરવાના ઈરાદે આરોપીઓ એકઠા થયા હતા. ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ તેમની ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે પીએસઆઈ પી.ડી.વાઘેલા તેમજ હેં.કો.કેવલસિંહને ગાંધીનગરમાં કોઈ મોટા ગુનાને અંજામ આપવા માટે જતી ટોળકીની બાતમી મળી હતી. જેને સમયે ભેગા થઈને ગુનાને અંજામ આપતા હતા. અરવલ્લીના સોનીનું અપહરણ કરી ૧૦ લાખની ખંડણી વસુલી હતી. આરોપીઓએ ૨૦ દિવસ પહેલા હિંમતનગર ખાતે ફાયનાન્સનો ધંધો કરતા એક વેપારીની રેકી કરી લુંટનો પ્રયાસ પણ કર્યો હતો. પરંતુ લુંટમાં તેઓ સફળ થયા ન હતા. એક વર્ષ પહેલા આરોપીઓ અરવલ્લીના એક સોનીનું અપહરણ કરી શામળાજી લઈ ગયા હતા. ૧૦ લાખની ખંડણી વસુલી કરી લીધા બાદ સોનીને મુકત કરવામાં આવ્યો હતો, પરંતુ આ અંગે કોઈ કેસ નોંધાયો નથી.

## ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં કોરોના વાઈરસ માટે હોમિયોપેથીક રોગ પ્રતિરોધક દવાનું વિતરણ

ચિલોડા, તા.૧૯

ગુજરાતભરમાં કોરોના વાયરસના પગલે વહીવટીતંત્ર અને આરોગ્યતંત્ર સજ્જ બની ઠેર ઠેર લોકોમાં અગમચેતીના ભાગરૂપે લોકોમાં જાગૃતિ અંગે પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે. લોકો વાયરસથી ન સપડાય તે માટે તકેદારી સાવધાની જરૂરી હોવાથી આ રોગથી બચી શકે તેના વિવિધ ઉપાયો અને જાણકારી અપાઈ રહી છે ત્યારે ચિલોડા સ્થિત હોમિયોપથી સેન્ટર દ્વારા ચિલોડા સ્થિત ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં દૂધ ભરતા પશુપાલકો, ગ્રાહકો, સભાસદોને હોમિયોપેથીક રોગ પ્રતિરોધક દવાનું વિતરણ કરવામાં આવ્યું.

# છેલ્લા બે વર્ષમાં ક્ષય, એઈડસ અને કેન્સરના જિલ્લામાં ૯૬૧૦ દર્દી નોંધાયા

**નોધાયેલા આ દર્દીઓમાંથી બે વર્ષમાં ૫૮૮ના મોત થયા : સ્ત્રી દર્દી કરતાં પુરૂષ દર્દીઓ વધુ મૃત્યુ પામ્યા : નીતિન પટેલ**

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેન્સરના ૧૯૦૬, એઈડઝના ૪૭૪ અને ક્ષયના ૭૩૩૦ દર્દીઓ નોંધાયા છે.

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજયના આરોગ્ય વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિન પટેલે જણાવ્યું હતું.

નોંધાયેલા આ દર્દીઓ કેન્સરના ૧૩૭, એઈડસના ૬૦ અને ૩૯૧ ક્ષયના દર્દીઓના મૃત્યુ થયા છે. તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં ૨૦૧૮ કેન્સરના ૯૬૯ અને ૨૦૧૯ના વર્ષમાં ૯૩૭ કેસ નોંધાયા હતા. એઈડસના ૨૦૧૮ના વર્ષમાં ૨૪૩ અને ૨૦૧૯માં ૨૩૧ કેસ નોધાયા હતા જયારે ક્ષયના ૨૦૧૮માં ૩૭૫૦ અને ૨૦૧૯માં ૩૪૮૦ કેસ નોંધાયા હતા.

તેમણે કહ્યું કે ૨૦૧૮માં કેન્સરના ૬૨ દર્દી અને ૨૦૧૯માં ૭૫ દર્દીના મૃત્યુ નોંધાયા છે. એઈડસના ૨૦૧૮માં ૩૯ અને ૨૦૧૯માં ૨૧ દર્દીના મૃત્યુ નોંધાયા છે. ક્ષયના ૨૦૧૮માં ૧૮૭ અને ૨૦૧૯માં ૨૦૪ મૃત્યુ નોંધાયા છે.

આરોગ્ય મંત્રીશ્રીએ કેન્સર, એઈડસ અને ક્ષયના નોંધાયેલા મૃત્યુઓમાં પુરૂષ દર્દીઓનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે કેન્સરના નોંધાયેલા ૧૩૭ મૃત્યુમાં ૮૩ પુરૂષ દર્દી હતા જયારે ૫૪ સ્ત્રી દર્દી હતા. આ જ પ્રમાણે એઈડસમાં સ્ત્રી દર્દી ૧૮ હતા અને ૪૨ પુરૂષ દર્દી. ૪૨ના મોત થયા છે જયારે ક્ષયમાં સ્ત્રી દર્દી ૧૦૫ અને પુરૂષ દર્દી ૨૮૬ના મોત થયા છે.

ગાંધીનગર જિલ્લામાં ક્ષય, એઈડસ અને કેન્સરના દર્દીઓ છેલ્લા બે વર્ષમાં ૯૬૧૦ નોંધાયા છે. આ ગંભીર બિમારીને નિયંત્રણમાં લેવા માટે આરોગ્ય વિભાગ દ્વારા રોડમેપ તૈયાર કરી અને કામગીરી કરવામાં આવી રહી છે. એટલું જ નહિ ઝડપી નિદાન અને પ્રચાર-પ્રસાર પર પણ ભાર મુકવામાં આવ્યો છે.

તેમણે કહ્યું હતું કે કેન્સર માટે રાજય સરકારશ્રીએ નિયુકત કરેલ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલો ખાતે રૂ. ૫ લાખ સુધીની આવકવાળાને મા યોજના તથા મા વાતસલ્ય યોજનાના કાર્ડધારકો માટે કેશલેસ સારવાર ઉપલબ્ધ બનાવવામાં આવી છે. એઈડસ માટે જાતિય રોગ પ્રસાર નિયંત્રણ માટે મેડીકલ કોલજ તથા જિલ્લા સ્તરની હોસ્પિટલોમાં સુરક્ષા કિલનીક કાર્યરત છે.

# રાજયની ૩૮ નગરપાલિકાઓને ૧૫ કરોડના અદ્યતન ફાયર ફાઈટર્સ વ્હીકલ અર્પણ

**શહેરી વિકાસ વિભાગે ૧૬ અલ્ટ્રા હાઇપ્રેશર મિની ફાયર ટેન્ડર-૨૨ પીક અપ વીથ ફોમ ટ્રોલી-૭ રેપિડ રિસપોન્સ વ્હીકલ નગરપાલીકાઓને આપ્યા**

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજયની ૩૮ નગરપાલિકાઓ માટે ૧૫ કરોડ રૂપિયાના ખર્ચે નવા વસાવાયેલા મીની ફાયર ટેન્ડર અને પીક અપ વીથ ફોમ ટ્રોલી ગાંધીનગરમાં અર્પણ કર્યા હતા.

રાજયના શહેરી વિકાસ વિભાગે રૂ. ૧૫ કરોડ ૪૨ લાખના ખર્ચે અગ્નિશમન સેવા માટે ૪૫ વાહનોની ખરીદી કરી છે તે વાહનો નગરોના નાગરિકો-જનસામાન્યની સુવિધા સલામતિ માટે મુખ્યમંત્રીશ્રીએ નગરપાલિકાઓને અર્પણ કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આ વાહનોને સંબંધિત નગરપાલિકાઓમાં સેવા અર્થે જવા પ્રસ્થાન કરાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાતમાં આગજનીના કિસ્સાઓમાં માલ-મિલ્કતને ઓછામાં ઓછું નુકશાન અને ઓછી જાનહાનિ થાય તેવી અદ્યતન સુસજ્જ ફાયર સેફટી




સેવાઓ માટે નગરોને ફાયર ફાઈટર્સ સહિતના સાધનો રાજ્ય સરકારે આપ્યા છે.

રાજયના નગરો-મહાનગરોમાં ફાયર સ્ટેશન્સમાં આધુનિક સાધનો વસાવવા માટે આ વર્ષના બજેટમાં ૧૦૬ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, રાજ્ય સરકારે પ્રથમવાર રાજયમાં પ્રાદેશિક કક્ષાએ રિજીયોનલ ફાયર ઓફિસરની પાંચ જગ્યાઓ નવી ઊભી કરી છે.

આના પરિણામે, નગરો-મહાનગરોમાં આગ લાગવાની દુર્ઘટના સમયે તત્કાલ બચાવ-રાહત કામગીરી ત્વરાએ શરૂ કરવામાં રિજીયોનલ ફાયર ઓફિસર્સની તજજ્ઞતાનો લાભ મળી શકે છે. તેમણે આ વાહનો સાથોસાથ વડોદરા, રાજકોટ, ગાંધીધામ, સુરત અને ગાંધીનગરની રિજીયનલ ફાયર ઓફિસ તેમજ અગ્નિ સુરક્ષા તાલીમ સંસ્થા માટે રૂ. ૧ કરોડ ૨૫ લાખના ૭ રેપીડ રિસ્પોન્સ વ્હીકલ્સ પણ અર્પણ કર્યા હતા.

આ અવસરે શહેરી વિકાસના અધિક મુખ્ય સચિવ શ્રી મુકેશ પૂરી, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસ, કમિશનર ઓફ મ્યુનિસીપાલિટીઝ શ્રી મહેન્દ્રભાઈ પટેલ, સચિવ શ્રી લોચન શહેરા તથા પ્રસ્થાન્મના ઝઈ શ્રી પટની અને નગરપાલિકાના પ્રમુખ-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદના બિલ્ડરને મુંબઈના ૭ શખ્સોએ ત્રણ કરોડનો ચુનો ચોપડ્યો

ગાંધીનગર, તા.૧૯

બાલાજી ગ્રુપના બિલ્ડર આશિષ શાહને મુંબઈના સાત ઈસમોએ ૩ કરોડનો ચુનો ચોપડ્યો છે. મુંબઈના બે પ્રોજેકટમાં રોકાણના નામે આ સાત શખ્સોએ રૂપીયા પડાવ્યા હોવાના દાવા સાથે બિલ્ડરે અડાલજ પોલીસ મથકે ૭ શખ્સો સામે છેંતરપિંડી અને વિશ્વાસ-ઘાતની ફરીયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ માનવ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લિ.ના ડાયરેકટર આશિષ જયંતિલાલ શાહે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. જેમાં તેઓએ મુંબઈની રાઈટ ચેનલ બિલ્ડકોન એલ.એલ.પી. પેઢીના ચાર ડિરેકટર દેવેન્દ્ર હનુમાન પાંડે, ગ્રીષ્મા દેવેન્દ્ર પાંડે, સુપ્રિયા દેવેન્દ્ર પાંડે, સંજય હનુમાન પાંડે, તેમજ બ્રોકરેજનું કામ કરતા ઉપકારસિંગ આનંદ (ભકતાની-૧ બિલ્ડીંગ,શાંતાક્રુઝ) અને એફકોન ડેવલોપર્સ પ્રા.લિ.કંપનીના બે ભાગીદારો અક્રમઅલી કુરેશી મહંમદ હુસૈન તેમજ મોહમંદ અફઝલ કુરેશી, અક્રમઅલી સામે આક્ષેપો કર્યા છે કે તે મુજબ ઉપકારસિંહે મુંબઈ મુકામે ઓશીવાર અને ભાટીયા નામે બાંધકામના બે મોટા પ્રોજેકટમાં રોકાણ અંગે વાત કરી હતી.ત્યારબાદ દેવેન્દ્ર પાંડે ગુજરાત આવીને ફરીયાદીને મળ્યો હતો. તેણે બંને પ્રોજેકટએફકોન ડેવલોપર્સને મળ્યા હોવાનું તેમજ પોતે પણ તેમા ભાગીદાર હોવાનો વિશ્વાસ અપાવ્યો હતો. ત્યારબાદ આરોપી દેવેન્દ્ર પાંડેએ ફરીયાદીને અન્ય આરોપીઓ સાથે વાત પણ કરાવી હતી. આ પ્રોજેકટમાં રોકાણ કરવાથી સારા વળતર મળશે તેવો વિશ્વાસ અપાવ્યો હતો. જેથી ફરીયાદીએ સપ્ટેમ્બર ૨૦૧૮માં મુબઈ મુકામે ૨ કરોડ રૂપીયા એક સીએની ઓફિસમાં પહોંચતા કર્યા હતા. આશીવાર પ્રોજેકટ માટે બે કરોડ આપ્યા બાદ ભાટીયા પ્રોજેકટ માટે આરટીજીએસથી રૂપીયા મોકલ્યા હતા. ત્રણ કરોડ રૂપીયા આપ્યા છતા પણ કામ શરુ ન થયુ ન હતું. જેથી ફરીયાદીએ એફકોર્ન ડેવલોપર્સ કંપનીને નોટીસ મોકલી હતી. જેથી રાઈટ ચેનલ બિલ્ડકોનના ડિરેકટર્સને વાયદા મુજબ કામગીરી નહી કરતા પૈસા પરત આપી દેવાયાનો જવાબ મળ્યો હતો. જેથી ફરીયાદીએ દેવેન્દ્ર પાંડેને નોટીસ આપતા તેણે એમઓયુ કર્યાનું યાદ ન હોવાનો જવાબ મોકલ્યો હતો. જેથી બંન્નો પેઢીના ભાગીદારો અને બ્રોકર્સ મળી સાંતેય શખ્સોએ ભેગા મળીને છેંતરપિંડી કરી હોવાના દાવા સાથે આશિષ શાહે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




કોરોના વાયરસ ન ફેલાય તે માટે સાવધાનીના પગલાં લેવામાં આવી રહ્યા છે. ઘેર ઘેરથી કચરો લઈ જનારા મનપાના કર્મચારીઓ હાથમાં ગ્લવ્ઝ અને માસ્ક પહેરેલા જોવા મળી રહ્યા છે.

## આજે વસંત સંપાત : દિવસ - રાત સરખા

સૂર્યનો ક્રાંતિવૃત્ત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદન બિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. તા. ૨૦મી માર્ચ શુક્રવારના દિવસ અને રાત ૧૨-૧૨ કલાકના સરખા જોવા મળશે. તા. ૨૧મી શનિવારથી દિવસ ક્રમશઃ લંબાતો જાય છે. આ ખગોળિય ઘટનાને અનુભવ કરવા ભારત જન વિજ્ઞાન જાથામી રાજ્ય કચેરીએ અપીલ કરી છે. જાથાના રાડ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડ્યાએ જણાવ્યું કે, તા. ૨૦મી માર્ચ શુક્રવાર દિવસ ૧૨ કલાક અને ૦૪ મિનિટનો, રાત્રિ ૧૧ કલાક ને ૬૫ મિનિટ રહેશે. સૂર્યોદય સવારે ૬ કલાક ૪૫ મિનિટ અને સૂર્યાસ્ત ૬ કલાક ૪૯ મિનિટે થશે. તા. ૨૧મી માર્ચથી ઉત્તરોત્તર દિવસ ક્રમશઃ સેકન્ડની ગણતરીએ લંબાતો જશે. દેશના પ્રમુખ શહેરોમાં સરખા દિવસમાં પાંચ - સાત મિનિટનો સમયાનુસાર તફાવત જોવા મળશે. આ દિવસ પછી સૂર્ય ઉત્તર તરફ ખસતો જતા ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી જાય છે.

૨૦-૨૧ માર્ચને વસંત સંપાત દિવસ તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે ૨૧મી સપ્ટેમ્બરના દિવસે શરદ સંપાત તરીખે ઓળખવામાં આવે છે. ૨૦મી માર્ચે સૂર્યની આકાશી વિષુવવૃત્તને છેદવાની પ્રક્રિયા શરૂ થતાં તે દિવસ રાત - દિવસ સરખા થાય છે. આ દિવસ પછી ગરમીનું પ્રમાણ વધતું જાય છે. વિષુવવૃત્ત એકબીજાને વર્ષમાં બે વખત છેદે છે. સૂર્ય ખસતો ખસતો આકાશી વિષુવવૃત્તને છેદે છે તેને વસંત સંપાત કહે છે. વસંત સંપાત પછી ગરમી શરૂ થાય છે. કારણ કે પૃથ્વી પોતાની ધરી ૨૩.૫ને ખૂણે નમેલી હોય છે. હવે પૃથ્વીનું ઉત્તર તરફનું માથું સૂર્ય તરફ તેટલા ખૂણે નમેલું જોવા મળશે. આપણે ઉત્તર ગોળાર્ધમાં વસવાટ કરતા હોવાથી સૂર્યના સીધા કિરણો આપણા વિસ્તારમાં આવતા હોવાને કારણે ગરમીનું પ્રમાણ વધે છે. જ્યારે ૨૧મી જૂન પછી સૂર્ય પુનઃ દક્ષિણ દિશા તરફ વળે છે તેથી તેને દક્ષિણાયન કહે છે.



ઉનાળાની હવે શરૂઆત થઈ ચુકી છે. દિવસે આકરો તડકો પડે છે અને રાત્રે બફારો અનુભવાય છે. ગરમીથી રાહત મેળવવા માટે માટલાનું ઠંડુ પાણી શ્રેષ્ઠ ગણાય છે. ઉનાળો જામી રહ્યો છે ત્યારે બજારમાં માટલાઓનો મોટો જથ્થો વેચાણ માટે આવી ગયો છે. જાતભાતના રંગ અને જાતભાતના આકારના માટલા દેખાવે આકર્ષક લાગી રહ્યા છે.